

# ફટાકડામાં પણ વીસ ટકાનો ભાવવધારો

## શહેરના ફટાકડા બજારમાં ખરીદી માટે નગરજનોની ભારે ભીડ : અવાજ રહિત ફટાકડા બાળકોને વધુ પસંદ



ગાંધીનગર, તા.૮

દિપાવલીના પર્વની છેલ્લી ખરીદીને પગલે શહેરના બજારોમાં ભારે ભીડ જામે છે. દિવાળીના દિવસે રાત્રે શહેરમાં ફટાકડાની ભવ્ય આતશબાજી નગરજનો દ્વારા કરવામાં આવે છે. શહેરના સેકટર-૬ ખાતે ફટાકડાના સ્ટોલ ઉભા થયા છે. બાળકો માટે નીતનવા ફટાકડા બજારમાં ઉપલબ્ધ છે. દિવાળીના દિવસે ફટાકડા ફોડવાનો અનોખો મહિમા હોવાથી નગરજનો ફટાકડાની ખરીદીમાં વ્યસ્ત બન્યા છે પરંતુ મોંઘવારીને કારણે ફટાકડામાં પણ વીસ ટકાનો તોતિંગ ભાવ વધારો થયો હોવાથી નગરજનોને ફટાકડાનો ભાવ દઝાડી રહ્યો છે.

શહેરના સેકટર-૬માં ફટાકડા બજાર ઉભું થયું છે. જેમાં ૨૬ દુકાનોમાં વેપારીઓ ફટાકડાનો વેપાર કરી રહ્યા છે. આ બજાર સિવાય નગરના સે-૭, ૨૧, ૨૪ સહિત ઠેર ઠેર ફટાકડાનું વેચાણ શરુ છે. અવાજ રહિત ફટાકડા બાળકોને વધુ પસંદ હોય છે. જેમાં તારામંડળ, કોઠી, ચકરડી, સાપ, બપોરીયા, દોરી, પેન્સિલનો સમાવેશ થાય છે. આ વર્ષે તારામંડળ અને બપોરીયામાં વિવિધતા જોવા મળે છે. એક ફુટ લાંબા તારામંડળ રંગબેરંગી હોવાથી બાળકો માટે લોકો વધુ ખરીદી કરી રહ્યા છે. યુવાનોમાં હવામાં ઉપર જઈ ફુટે તેવા ફટાકડાનો ક્રેઝ વધુ જોવા મળે છે જયારે બાળકો માટે બંદુકમાં પણ આ વર્ષે મિસાઈલ બંદુક બાળકોમાં હોટ ફેવરીટ છે. બજારમાં કોઠી, તારામંડળ, ચકકર, ૫૫૫, લક્ષ્મી, સુતરી, રોકેટ, તાજમહેલ, લક્ષ્મી, માટલા કોઠી, સાપ, ટીકડી, રોલ સહિત અનેક અવનવી વેરાયટીઓના વેચાણમાં તેજી જોવા મળે છે. દિવાળીના દિવસે નગરમાં ભવ્ય આતશબાજી કરી દિપાવલી પર્વની ભવ્ય ઉજવણી નગરજનો દ્વારા કરવામાં આવશે. શહેરના ફટાકડા બજારમાં દિવાળીને બે દિવસ આડા છે ત્યારે ફટાકડાની ખરીદીમાં નગરજનો વ્યસ્ત બન્યા છે. પરંતુ ફટાકડામાં પણ મોંઘવારીનું ગ્રહણ લાગ્યું છે. ગત વર્ષ કરતા આ વર્ષે બજારમાં વીસ ટકાથી વધુનો ભાવ વધારો ફટાકડામાં ઝીંકાતા નગરજનોને ફટાકડાની ખરીદી વખતે આ ભાવ વધારો દઝાડી રહ્યો છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

# પ્રકાશના પર્વમાં રંગોનો નિખાર

## રંગોળી સ્પર્ધામાં ૪૦ સ્પર્ધકોએ બેનમૂન કલાકૃતિ રજૂ કરી : સે. ૨ના હરિભાઈ પરિવારે ચોથા વર્ષે પણ રંગોળી સ્પર્ધાનું આયોજન કર્યું









ગાંધીનગર, તા. ૮

અંધકાર ઉલેચી એક-મેકના અંતરમાં ઉજાસ પાથરતા દિવાલી પર્વમાં અનેક વૈવિધ્યતા જોવા મળે છે. દિવડાઓના દિવ્ય પ્રકાશ અને રંગબેરંગી રોશનીના જગમગાટ સાથે દિપાવલીમાં રંગોળીની કલાકૃતિ પણ આકર્ષણનું કેન્દ્ર બને છે. પર્વના દિવસોમાં શહેરીજનો પોતાના ઘર આંગણે દિવડાઓની દિવ્યજ્યોત સાથે ભવ્ય રંગોળીનું પણ નિર્માણ કરે છે. વાઘબારસથી નવા વર્ષના પ્રારંભ દરમિયાન પાંચ દિવસોમાં ઘરે-ઘરે રંગોળીની નતનવી કલાકૃતિઓ નજરે પડે છે. પ્રકાશના પર્વને રંગોથી નિખારવા નગરજનોને પ્રોત્સાહીત કરવાના ઉમદા આશય સાથે સે. ૨માં વસતા હરિભાઈ પઢિયાર દ્વારા છેલ્લા ચાર વર્ષથી રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. વિવિધ વયજૂથમાં યોજાતી આ સ્પર્ધામાં આ વર્ષે પણ ૪૦ સ્પર્ધકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

સેક્ટર-૨-ડીમાં છેલ્લા ચાર વર્ષથી હરિભાઈ પરિવાર દ્વારા રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. આ સ્પર્ધામાં ૧ થી ૧૫ વર્ષ, ૧૬ થી ૩૫ વર્ષ અને ૩૫ થી વધુ વિવિધ વય જૂથના ત્રણ ગ્રુપમાં સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં સ્પર્ધકોને રંગોળી તૈયાર કરવા માટે બે કલાકનો પુરતો સમય આપવામાં આવે છે. બે કલાકના સમયગાળામાં તૈયાર કરેલી રંગોળીનું નિર્ણાયકો દ્વારા નિરીક્ષણ કરવામાં આવે છે. સુંદર રીતે તૈયાર કરેલી આકર્ષક રંગોળીના સ્પર્ધકને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવે છે. ત્રણ વયજૂથ વિભાગ મુજબ યોજાતી સ્પર્ધામાં કુલ ૯ સ્પર્ધકોને ઈનામ આપવામાં આવે છે. એક વયજૂથના વિભાગમાં એકથી ત્રણ ઈનામો આપવામાં આવે છે. આમ ત્રણે ગ્રુપમાં એકથી ત્રણ ઈનામો એનાયત કરી નૂતન વર્ષના દિવસે સ્પર્ધકોને સન્માનવામાં આવશે. આ વર્ષે સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રણવ શર્મા અને પીટર વેસ્લીએ સેવા આપી હતી.

આ સ્પર્ધામાં સોસાયટીના પ્રમુખ ગોપાલભાઈ પ્રજાપતિ, રંગોળીના કન્વીનર બીપીનભાઈ પટેલે ઉપસ્થિત રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા.

(તસવીર : કશ્યપ નિમાવત)

## @ગાંધીનગર

**ધનલક્ષ્મી પૂજનના શ્રેષ્ઠ મુહુર્તો**

● સવારે ૬.૫૦ ક. થી ૮.૧૩ ક. સુધી ● સવારે ૯.૩૬ ક. થી ૧૧.૦૦ ક. સુધી ● બપોરે ૧૩.૪૬ ક. થી ૧૭.૫૬ ક. સુધી ● સાંજે ૧૭.૫૬ ક. થી ૧૯.૩૩ ક. સુધી ● રાત્રે ૨૨.૪૭ ક. થી ૨૪.૧૪ ક. સુધી

- નજાહખાનમ સૈયદ

## ટ્રાફીક પોલીસે દારૂ-બિયરનો થેલો ભરીને જતા બાઈકચાલકને પડયો

### શેરથા પાસેથી રૂ. ૯૮૦૦નો દારૂ-બિયર જપ્ત કરી આરોપી અડાલજ પોલીસને સોંપ્યો

ગાંધીનગર, તા.૮

જિલ્લા ટ્રાફીક પી.આઈ. સી.કે. ચૌધરીની સુચનાથી તેમની ટીમના પીએસઆઈ એસ.એ.ચૌધરી તેમના સ્ટાફ સાથે શેરથા નજીક વાહન ચેકીંગમાં હતા. તે દરમિયાન ગઈ સાંજે એક બજાજ ડીસ્કવર બાઈક ઉભું રખાવી ચેકીંગ કર્યું તો બાઈકમાં ભરાવેલા થેલામાંથી દારૂ-બિયરનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે થેલામાંથી રૂ. ૫૪૦૦ની કિંમતની ૧૨ નંગ વિદેશી દારૂની બોટલ તથા રૂ. ૪૪૦૦ની કિંમતના ૨૨ નંગ બિયરના ટીન મળી રૂ. ૯૮૦૦નો દારૂ-બિયર જપ્ત કરી લીધો હતો. દારૂ-બિયર સાથે મુળ રાજસ્થાનના અને હાલ મહેમદાવાદ ખેડા જિલ્લા વિસ્તારના રહેવાસી બાબુ મેથીજી પુરોહીતની ધરપકડ કરી ટ્રાફીક પોલીસે અડાલજ પોલીસને સોંપી દીધો છે.

## વાતવાતમાં

● દિવાળી વેકેશન હોવાથી બાળકો સવારના સમયે ક્રિકેટ રમવા ઉપડી જાય છે. સે-૬ના મેદાનમાં વૃધ્ધાશ્રમના વડીલો પણ સવારે બાળકો સાથે ક્રિકેટ રમી આનંદ ઉઠાવતા નજરે ચઢયા હતાં.

● દિપાવલી પ્રારંભે રવિવારની રજા મળતા જ બજારોમાં સારી એવી ઘરાકી ખુલવા પામી હતી. સીઝનનો લાભ ઉઠાવવા ગ્રાહકોની મીટ માંડી બેઠેલા વેપારીઓના ચહેરા આજે દીપી ઉઠયા હતાં.

● દિવાળીની રજાઓનો લાભ ઉઠાવવા રજૂ થઈ રહેલ સલમાનખાન અભિનિત ફિલ્મ 'પ્રેમ રતનધન પાયો'નું એડવાન્સ બુકિંગ ચાલુ થઈ ગયું છે. પારિવારિક મનોરંજક ફિલ્મો માટે જાણીતા રાજશ્રી બેનર્સની આ ફિલ્મને સારું બુકિંગ મળી રહ્યું છે.

● ગાંધીનગરની અનેક સોસાયટીઓમાં દિવાળી પર્વ નિમિત્તે રંગોળી સ્પર્ધાઓ યોજવામાં આવી રહી છે. અગાઉ રંગોળી સ્પર્ધાઓ માત્ર સ્વૈચ્છિક સંસ્થાઓ કે શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા યોજાતી હતી. હવે વસાહતોમાં પણ રંગોળી સ્પર્ધાનું આયોજન નવી પેઢીને આપણા સાંસ્કૃતિક વારસા તરફ વધુ ખેંચવાની દિશામાં આવકારદાયક પગલું છે.

● જે વાચકોએ પોતાના ઘર આંગણે દિવાળીના પર્વે રંગોળી બનાવી હોય તો તના બે ફોટા પાડી આ કોલમમાં આપેલ નંબર પર વ્હોટસએપ કરવા ગાંધીનગર સમાચાર આમંત્રે છે. જે રંગોળીના ફોટા પસંદગી પામશે તેને અમો આપના નામ સાથે છાપીશુ. પસંદગીનો અધિકાર ગાંધીનગર સમાચારને અબાધિત રહેશે. વાચકોએ પોતાના નામ-સરનામા સાથે માત્ર બે જ ફોટા મોકલવા તથા તે અંગે ફોન કરવો નહીં.

- સમીર રામી
૯૯૨૪૪૪૬૬૪૫

# મારી આંખો સારી રહેશે, ત્યાં સુધી તેમનો દીવો બનીશ




### છેલ્લા આઠ વર્ષથી પોતાના દૈનિક કાર્યોમાંથી દરરોજનો એક કલાક પ્રજ્ઞા ચક્ષુ બાળકો માટે ફાળવતા ગાંધીનગરના સન્નારીની કહાની : તેમના સેવાદીપે અસંખ્ય અંધ બાળકોના જીવનમાં નવો ઉજાસ પાથર્યો

**'શીત લહેરમાં નિરવ આશા,**
**ઉષાએ સંભળાવી,**
**કયાં જઈ શોધુ દિનકર દિશા,**
**ઋતુ પાનખર આવી.'**

માત્ર ધોરણ દસમાં ભણતી પ્રજ્ઞા ચક્ષુ બાળા દમયંતી પટેલે લખેલી આ પંકિતઓમાં તેની છુપી વેદના તો પ્રગટ થાય છે જ પરંતુ સાથે સાથે એક આશાનો દિપ પણ પ્રગટાવી રહી છે. આવા અનેક પ્રજ્ઞાચક્ષુ બાળકોના જીવનમાં નગરની એક ગૃહિણી આશાનો સંચાર બનીને આવી છે. રોજનો માત્ર એક કલાકનો સમય આપીને તેમણે આ બાળકોના અંધકારમાં ઉજાસની એક બારી ખોલી આપી છે.

ગાંધીનગરના સેકટર-૧૬માં જે અંધ બાળકો માટેની સ્કૂલ છે જે પહેલા સેકટર-૨૯માં હતી. આ શાળાની નજીકમાં રહેતા એક સન્નારીને અનેકવાર આ શાળા પાસેથી પસાર થવાનું બને ત્યારે પ્રજ્ઞાચક્ષુ બાળકોને રમતાં, પ્રાર્થના કરતા કે અન્ય કોઈ પ્રવૃત્તિ કરતા નિહાળે. આ બાળકોને જોઈ તેમને એક કુતુહલ થતું કે આ બાળકો કેવી રીતે ભણતા હશે? કેવી રીતે પોતાના રોજિંદા કાર્યો કરતા હશે? પ્રજ્ઞા ચક્ષુ હોવા છતાં પોતાના મા-બાપથી દૂર કેવી રીતે રહી શકતા હશે? અનેકવાર એમને થતું કે શાળામાં જઈ તેમને મળુ, જોઉં કે કંઈક મદદરૂપ થાઉં. પરંતુ ઘરના કાર્યોની વ્યસ્તતા એમને એટલો સમય જ ના આપી શકી. એમાં પણ પોતાના દિકરાની સ્કુલ, ટયુશન, રમવાનો આ બધો સમય સાચવવાનો, ઘરમાં સાસુ-સસરાની સંભાળ રાખવાની અને સાથે ગૃહસ્થાશ્રમની જવાબદારીઓ નિભાવવાની. દિકરો મોટો થયો, બોર્ડની પરીક્ષામાં સારા માર્કે પાસ થયો અને વધુ અભ્યાસ માટે બીજા શહેર ગયો. હવે ઘણો બધો સમય મળવા લાગ્યો અને પેલી જુની ઉત્સુકતાએ ફરી માથું ઉંચકયું. બસ પહોંચી ગયા સ્કૂલમાં અને શિક્ષકોને મળ્યા, આચાર્યને મળ્યા... કહ્યું મારે આ બાળકો માટે કંઈક સેવા કરવી છે, બોલો હું શું કરી શકું? બસ રસ્તો મળી ગયો.

વર્ષ ૨૦૦૮થી તેમના જીવનમાં નવો અધ્યાય પ્રારંભ થયો જે એક એવા અનોખા યજ્ઞ તરફ તેમને દોરી ગયો કે તેમાં અનેક પ્રજ્ઞાચક્ષુ બાળકોના જીવનમાં પ્રકાશપુંજ રેલાવવાનું કાર્ય કર્યું. દરરોજ સાંજે ૫ થી ૬ અંધશાળામાં જવું તે આ ગૃહિણીનો નિત્યક્રમ બની ગયો. આ એક કલાક દરમિયાન અંધ બાળકોને ખાસ કરીને ધોરણ દસમા ભણતા હોય તેમને કોઈ એક વિષયના અભ્યાસક્રમનું વાંચન કરી સંભળાવવું. સવારના ૧૧ થી ૫ દરમિયાન સ્કૂલમાં ભણ્યા હોય તેનું રીવીઝન કરાવવું અથવા વારાફરતી દરરોજ એક વિષયના મહત્વના પ્રકરણો વાંચી સંભળાવવા. સેવા કરવાની ધૂન તો ઘણાને 'સોડાવોટર'ની જેમ જેટલી ઝડપથી ચઢતી હોય છે તેટલી જ ગતિએ ઉતરી પણ જતી હોય છે એમાં પણ જયાં માત્ર અભ્યાસક્રમનું વાંચન કરવાનું એ પણ એવી ઉંમરે જયારે પોતાના



બાળકનું ભણવાનું પણ પુરું થઈ ગયું હોય ત્યારે તો એ અઘરું કાર્ય બની જાય છે. પણ બસ એમને તો લગન લાગી, અને એવી લાગી કે પછી તો કુટુંબ સાથે કયાંય બહાર જવાનું થાય તો પણ એક જ વાત... સાંજે ૬ વાગ્યા પછી જ. થોડા સમયમાં તો ઘરના બધા સભ્યોને એક વાત સમજાઈ ચુકી હતી કે સાંજના ૫ થી ૬ કોઈ જ કાર્યક્રમ અગત્યનો નથી સિવાય કે અંધશાળા. અરે દિવાળીના દિવસોમાં પણ બધા કાર્યો પડતા મુકીને અચુક જવાનું જ.

ધીમે ધીમે બાળકો સાથે તાદાત્મ વધ્યું, પછી તો વિષયને લગતા વાંચન બાદ જોકસ, મોબાઈલ પરથી એસએમએસ, વાર્તાઓ, કવિતાઓ અને સમાચાર વાંચવાનું પણ ચાલુ કર્યું. બાળકો સાથે અંતાક્ષરી રમવા લાગ્યાં, નાસ્તો શેર કરવા લાગ્યા. અરે ઘણીવાર તો એક જ બાળક હોય તો પણ વાંચન કરવા જવું એ નિત્યક્રમ જ નહીં જરૂરિયાત બની ચુકયું હતું. પરીક્ષા આવે એટલે બાળકો માટે રાઈટરની વ્યવસ્થા કરી આપવી, બોર્ડની પરીક્ષામાં તેમનો રૂમ તથા બેઠક નંબર શોધી આપવા, આ બધામાં તેમને એટલો આનંદ આવતો કે બીજા કાર્યો ગૌણ બની રહેતા. પરીક્ષા પત્યા બાદ પોતાના ઘરે પરત ફરતા દરેક બાળકને પોતાના ઘરે બોલાવી જમાડવું, તેનો ફોટોગ્રાફ લઈ સંપર્ક માટેની તમામ વિગતો નોંધી લેવી અને વખતો વખત ફોન કરી ખબર અંતર પણ પુછી લેવાના. ધીમે ધીમે ડાયરીના પાના પણ ભરાવા લાગ્યા જે આજે ૫૦થી ઉપરનો આંકડો પાર કરી ગયા છે.

આ બાળકો સાથે એવો તો સંબંધ બંધાયો કે આ સન્નારીને



પોતાની જંદગી સજતી લાગવા લાગી. એમાં પણ પેલી દમયંતી. દસમામાં ભણતી એ સૌરાષ્ટ્રથી આવેલ એ બાળા અંધ આંખે એની કવિતાઓ રચતી જેમાં પ્રકૃતિનું અદભૂત વર્ણન હોય. બ્રેઈલ લીપીમાં લખેલ આ કવિતાઓ વાંચી સંભળાવે. અંતે જયારે પરીક્ષા બાદ શાળા છોડવાનો સમય આવ્યો ત્યારે તેના મા-બાપની રજા લઈને એ બાળાને પોતાના ઘરે બે દિવસ રાખી. તેની બધી જ કવિતાઓ સાંભળી પોતાની ડાયરીમાં અક્ષરદેહ આપ્યો. જેથી તેને કોઈ પ્રકાશક સુધી પહોંચાડી શકાય. ઘણા તેમને એમ પણ પૂછતા કે કયાં સુધી સેવા કરશો તો જવાબ આપતા કે 'જયાં સુધી મારી આંખો સારી હશે ત્યાં સુધી હું આ બાળકોની આંખનો દિવો બનીશ.' બાળકોને પણ એમની સાથે એટલો નાતો બંધાયો હતો કે જેવું તેમનું સ્કૂટર સ્કૂલના કેમ્પસમાં પ્રવેશે કે તુરંત બધા બૂમ પાડતા 'બેન આવી ગયાં.'

આ બેન છે ગાંધીનગરના લીનાબેન મહેતા, પ્રજ્ઞાચક્ષુ બાળકો સાથે વર્ષોના નાતે એ એટલું કહે છે કે 'અંધ હોવા છતાં આ બાળકો આપણા કરતા વધુ પોઝીટીવ હોય છે, તેમને ઈશ્વર કે દુનિયા પ્રત્યે કોઈ ફરિયાદ નથી.' આ બાળકો પર માતૃકૃપા સમી અમી વર્ષા કરનારા લીનાબેનને દમયંતી પટેલે લખેલી આ પંકિતઓ જ વધુ બંધ બેસે છે...

**'આકાશના તારા ઘણા છે ને શશીનું નૂર છે,**
**જો રાખીએ આશા ઘણી તો ત્યાં પહોંચવું કયાં દૂર છે'**

## વાવોલનાં રેત ડેપો અંગે પોલીસનું ધ્યાન દોરનાર અરજદારને ધમકી મળી

ગાંધીનગર, તા.૮

ન્યુ વાવોલમાં શાલ્વીક હોમ્સ સોસાયટીની સામે ખુલ્લા ખેતરમાં રેત ડેપો શરુ કરી દેવામાં આવ્યો છે. રાત-દિવસ રેતી લાવવા લઈ જવા બેફામ ડમ્પરો માતેલા સાંઢની માફક સોસાયટીઓ નજીકથી અવરજવર કરે છે અને રાત્રે જેસીબીના કાન ફાડી નાંખે તેવા અવાજ ચાલુ રહે છે તે ઉપરાંત ઘરમાં ઉડતી રેતીના થર જામવા લાગે છે. આ રેત ડેપો બંધ કરી અન્ય સ્થળે ખસેડવા જાહેર હિતને ધ્યાને લઈ એક રહીશે પોલીસનું તથા તંત્રનું ધ્યાન દોર્યું તેમાં અરજદારના ઘરે આવીને બે શખ્સો ધમકી આપી ગયા હતાં તો બીજી તરફ રેન્જ આઈજીપી હસમુખ પટેલને પણ આ અંગે અનેક રજુઆતો કરવામાં આવી હોવા છતાં કોઈ જ અસરકારક પગલા ન લેવાતા વસાહતીઓ વિશ્વાસ ગુમાવવા લાગ્યા છે.

રેત ડેપો અંગે પોલીસ તથા સરકારનું ધ્યાન દોરનાર અરજદારના ઘરે બે વ્યકિતઓ આવી પહોંચ્યા હતાં. નિલકંઠ એન્ટરપ્રાઈઝના માલીક જે રેતી સપ્લાય કરે છે અને જમીન ભાડે આપનાર બંને અરજદારના ઘરે પહોંચી ગયા હતા અને હવે પછી આ બાબતની સરકાર કે પોલીસ સમક્ષ રજુઆતો ન કરવા જણાવ્યું હતું. અને હવે પછી અરજીઓ ચાલુ રાખશો તો અમે 'અમારા વાળી કરીશું' કહી ગર્ભીત ધમકી આપી બંને ચાલ્યા ગયા હતાં. ઘરમાં રહેતા વૃદ્ધ તથા પરિવાર હાલ ભયનાં ઓથાર હેઠળ હોવાની જાણ તંત્રને કરવામાં આવી છે. આ અંગે રેન્જ આઈજીપી હસમુખ પટેલને પણ અરજીઓ આપવામાં આવી છે પરંતુ પરિસ્થિતિ હજુ ઠેરની ઠેર છે.

## સે-૨૧માં ફટાકડાના બે વેપારીઓ સામે ગુના દાખલ

ગાંધીનગર, તા.૮

શહેરના સેકટર-૨૧ ખાતે લાયસન્સ વગર રસ્તા પર આડેધડ સ્ટોલ ખોલી ફટાકડાનું વેચાણ શરૂ થયું હોવાની જાણ સેકટર-૨૧ પોલીસને થતા ગઈ સાંજે દરોડો પાડી સ્ટોલ ઉભા કરીને બેસી ગયેલા બે વેપારીઓ સામે કલમ ૨૮૩ મુજબ ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સેકટર-૨૧ના ચર્ચની નજીક સ્ટોલ ઉભા કરીને ફટાકડાના વેપારીઓ ઉભા રહી ગયા હતા અને ફટાકડાનું વેચાણ લાયસન્સ મેળવ્યા વિના જ શરૂ કરી દીધું હતું. સે-૨૧ પોલીસ મથકના પીએસઆઈ સી.બી.ચૌહાણ તથા તેમની ટીમે આવા ગેરકાયદે સ્ટોલ ઉભા કરીને ફટાકડાનો વેપલો શરુ કરી દેનાર બે વેપારીઓ સામે કેશ કર્યો છે. અમરીશ પ્રભુદાસ પનારા અને સંદિપ નારણભાઈ પટણી બંને વેપારીઓની ધરપકડ કરી ફટાકડા પણ જપ્ત કરી લેવામાં આવ્યા છે.

## ચિરવિદાય

● સ્વ. બાબુલાલ તુલસીદાસ પરમાર, ઉ.વ. ૬૨